# અરોમાથેરાપિસ્ટ

"અરોમાથેરાપિસ્ટ" લોકોની સારવાર કરવા માટે ઉપચાર તરીકે સુગંધનો ઉપયોગ કરે છે. તેઓ વૈકલ્પિક ચિકિત્સક છે જેઓ ઉપચાર અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે આવશ્યક તેલનો ઉપયોગ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે લોકોનો ઉપચાર કરવામાં રસ ધરાવો છો
- તમે સ્વતંત્ર રીતે કામ કરી શકવા સક્ષમ છો
- તમને બાગકામ ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૮૦૦ થી ૫૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અરોમાથેરાપીમાં ડિપ્લોમા કરો અથવા

હેલ્થ એન્ડ વેલનેસ/ફિઝિયોલોજી/સાયકોલોજી/ ન્યુટ્રીશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

૩. એરોમાથેરાપીમાં સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અરોમાથેરાપીસ્ટનું માસિક વેતન રૂ. ૧૬,૧૦૦ થી ૫૪,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: http://www.salaryexplor-er.com/salary-survey.php?loc=100&/octype=1&job=11960&jobtype=3/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સ્પા, સલુન્સ, ફિટનેસ સેન્ટર, હોસ્પિટલો, યોગા સ્ટુડિયો અને આરોગ્ય સંભાળ કેન્દ્રો

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી સ્વતંત્ર પ્રેક્ટિસ શરૂ કરી શકો છો અથવા તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારું કાર્યસ્થળ તમે પસંદ કરેલ કારકિર્દી પથ પર નિર્ભર રહેશે. જે તમારા ગ્રાહકના ઘરથી લઈને સ્પા અથવા સલૂન પૈકી કોઇ પણ હોઈ શકે છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. કામ માટે મુસાફરી કરવાની જરૂર પડશે કે કેમ તે તમારા કારકિર્દી પથ પર આધારિત છે. તમારી પાસે નિયમિત કામના કલાકો હશે. સ્પા અને સલુન્સ સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક ખુલ્લા રહે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક અરોમાથેરાપિસ્ટ → અરોમાથેરાપિસ્ટ → સલાહકાર **અથવા**

સહાયક અરોમાથેરાપિસ્ટ → અરોમાથેરાપિસ્ટ → સ્ટોર માલિક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પા થેરાપિસ્ટ, સ્પા કન્સલ્ટન્ટ, અરોમાથેરાપિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**અરોમાથેરાપીમાં ડિપ્લોમા અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓ.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

૧. પારુલ યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત
૨. એકેડેમી ઓફ હોલિસ્ટિક સાયન્સ, નવી દિલ્હી
૩. ઓલ ઈન્ડિયા પેરામેડિકલ ટેકનોલોજી એન્ડ ઓલ્ટરનેટિવ મેડિસિન કાઉન્સિલ, લુધિયાણા
૪. ફ્રેગરન્સ એન્ડ ફ્લેવર ડેવલપમેન્ટ સેન્ટર, ઉત્તર પ્રદેશ
૫. ગ્લોબલ ઈન્સ્ટિટ્યુટ ઓફ અરોમાથેરાપી, કોલકાતા
૬. હેર એન્ડ બ્યુટી એકેડમી, ગુજરાત
૭. હોલી એન્જલ્સ કોલેજ ઓફ ઓલ્ટરનેટિવ મેડિસિન, મુંબઈ
૮. ઇન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓલ્ટરનેટિવ મેડિસિન, અરુણાચલ પ્રદેશ
૯. ભારતીય અરોમાથેરાપી એન્ડ કોસ્મેટોલોજી, કોલકાતા
૧૦. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્મેટોલોજી, ન્યુટ્રીશન એન્ડ મેનેજમેન્ટ, જયપુર
૧૧. ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓલ્ટરનેટિવ મેડિસિન એન્ડ રિસર્ચ (આઈ.એ.એમ.આર.), કોલકાતા
૧૨. ઈન્સ્ટિટ્યુટ ઓફ અરોમાથેરાપી એન્ડ બ્યુટી મેનેજમેન્ટ (આઈ.એ.બી.એમ.), કોલકાતા
૧૩. ઈન્સ્ટિટ્યુટ ઓફ અરોમાથેરાપી, રામાશાંતિ, ચેન્નાઇ
૧૪. આઈ.એસ.પી.એ.એ. ઇન્ટરનેશનલ સ્પા એકેડમી, કેરળ
૧૫. માયા ઇન્ટરનેશનલ હીલિંગ સ્કૂલ, ઉત્તરાખંડ
૧૬. મહેન્દ્ર ઈન્સ્ટિટ્યુટ ઑફ ઓલ્ટરનેટિવ મેડિસિન, જયપુર
૧૭. ઓરેન બ્યુટી ઈન્સ્ટિટ્યુટ, કોલકાતા
૧૮. સમભાવ નેચર ક્યોર હોસ્પિટલ, લખનૌ
૧૯. એચએનજીયુ, પાટણ
૨૦. હસ્તકલા અને સામાજિક વિકાસ સંગઠન, દિલ્હી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પૂજા નાગદેવ** અરોમાથેરાપિસ્ટ, કોસ્મેટોલોજિસ્ટ અને ઈનાતુર હર્બલ્સના સ્થાપક છે, જે ત્વચાની સાર સંભાળ માટેના ઉત્પાદનો વેચે છે. તેણીએ દિલ્હી યુનિવર્સિટીમાંથી બી.કોમ. કર્યું. ત્યારબાદ, એમિટી યુનિવર્સિટીમાંથી એમ.બી.એ. કર્યુ છે. ત્યારબાદ તેણીએ કેનેડિયન નેશનલ સ્કૂલ ઓફ અરોમાથેરાપીમાં અરોમાથેરાપીનો અભ્યાસ કર્યો અને બ્યુમોન્ટ કોલેજ ઓફ કોસ્મેટોલોજીમાંથી કોસ્મેટોલોજીમાં ડિપ્લોમા પૂર્ણ કર્યો.*

સ્રોત: https://www.theceo.in/women/pooja-nagdev-bringing-earthliness-to-the-skincare-wellness-industry-and-redefining-beauty

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.